| AY 2017-18 | Press Notes - Achievement & Appreciation |
|---|---|

(15)

THE TIMES OF INDIA, AHMEDABAD
SATURDAY, NOVEMBER 4, 2017

# Biggest pagdi set to enter Guinness Book

TIMES NEWS NETWORK

**Rajkot:** Commemorating the martyrhood of warrior Hamirji Gohel, who had died while protecting the Somnath temple from the depredation of Mughal king Mahmud Ghazni, Dharmarajsinh Vaghela (40) is going to set a world record of presenting the biggest pagdi (turban) on Saturday.

"The pagdi has been made of 120 metre fabric with the diameter of seven feet and is the biggest ever in the history of pagdis. I have informed the Guinness Book of World Records authorities about it and they have requested me to wait for their representatives to visit me," Vaghela told TOI.

However, Vaghela can not wait as he has to wrap the pagdi around the head of Lord Somnath Mahadev as it is the occasion of Kartik Purnima on Saturday. "Kartik Purnima has a special significance for Lord Mahadev and if any offering has to be made to the lord, it is best done on this occasion. Another reason for offering pagdi to the lord is to pay homage to the great warrior Hamirji, who had laid down his life protecting the temple from the clutches of Ghazni," explained Vaghela.

On the premises of Somnath temple, there exists a shrine of Hamirji, which is also worshipped by the devotees.

Vaghela, a professor at Virani Science College in Rajkot and who is also an officer in NCC, is committed to reviving the tradition of pagdi. "About 40 years ago, pagdi used to be an identification of its wearer. Through the knots of it, people could make out from which village or region or caste the wearer belonged to," he said.

"Though earlier popular, the tradition of pagdi is now fading away into oblivion. I teach members of the Darbar community how to wrap pagdi at Harbhamji Chhatralaya," Vaghela added.



The turban has been prepared by using 120 meter fabric and has a diameter of seven feet

**યુવક મહોત્સવ સંપન્ન**

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની વિવિધ સ્પર્ધાઓના અન્ય વિજેતાઓ

રાજકોટ | સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં યોજાયેલા યુવક મહોત્સવની મંગળવારે પૂર્ણાહૂતી થઈ હતી. આ પ્રસંગે વિવિધ સ્પર્ધાના વિજેતાઓના નામ જાહેર કરાયા હતા.



## સાંસ્કૃતિક વિભાગ

| ક્રમ | વિજેતાનું નામ | કોલેજનું નામ |
|---|---|---|
| | **વેસ્ટર્ન વોકલ (સોલો)** | |
| 1 | મહેતા મૈત્રી કેતનભાઈ | કણસાગરા કોલેજ |
| 2 | સાગલા રૂશાલી | કુંડલિયા કોલેજ |
| 3 | સંજાત સોહિની સાજીદભાઈ | મહિલા કોલેજ, રાજકોટ |
| | **લોકગીત** | |
| 1 | રાઠોડ પૂજા ભગવાનજીભાઈ | ધાણક કોલેજ, બગસરા |
| 2 | જેઠવા નેહા હસમુખભાઈ | એમ.વી.એમ. ,રાજકોટ |
| 3 | ભટ્ટ પૂજા દિલીપભાઈ | ગજેરા કોલેજઅમરેલી |
| | **ભજન** | |
| 1 | મેસવાણિયા નેહા જયંતીલાલ | હિરપરા, જેતપુર |
| 2 | જોશી સિધ્ધિ સુરેશભાઈ | એમ.વી.એમ. ,રાજકોટ |
| 3 | ખાંડેખા નેહા વસંતભાઈ | દોશી કોલેજ, વાંકાનેર |
| | **દુહા છંદ** | |
| 1 | ગઢવી પ્રદીપ શામળભાઈ | ધમસાણિયા કોલેજ |
| 2 | બોક્ષા જયદાન બહાદુરભાઈ | માલવિયા કોલેજ |
| 3 | મીઠાપરા શૈલેશ અમશીભાઈ | કુંડલિયા કોલેજ |
| | **મિમિક્રી** | |
| 1 | વ્યાસ નિરવ રાજેશભાઈ | અંગ્રેજી ભવન, યુનિ. |
| 2 | સોંદરવા નયન એમ. | અર્થશાસ્ત્ર ભવન, યુનિ. |
| 3 | સોની ઈશિતા ચારૂલ | ક્રાઈસ્ટ કોલેજ, રાજકોટ |
| | **મૂક અભિનય** | |
| 1 | કે.એસ.એન. કણસાગરા મહિલા કોલેજ, રાજકોટ | |
| 2 | વીરબાઈમા મહિલા સાયન્સ કોલેજ, રાજકોટ | |
| 3 | કુંડલિયા ઈંગ્લિશ મીડિયમ મહિલા કોલેજ રાજકોટ | |
| | **સમૂહ ગીત** | |
| 1 | કે.એસ. એન. કણસાગરા મહિલા કોલેજ, રાજકોટ | |
| 2 | કુંડલિયા ઈંગ્લિશ મીડિયમ મહિલા કલેજ રાજકોટ | |
| 3 | જે.એચ. ભાલોડિયા વિમેન્સ કોલેજ, રાજકોટ | |
| | **એકાંકી** | |
| 1 | કે.એસ.એન. કણસાગરા મહિલા કોલેજ, રાજકોટ | |
| 2 | વી.ડી. કાણકિયા કોલેજ, સાવરકુંડલા | |
| 3 | જે.એચ. ભાલોડિયા વિમેન્સ કોલેજ, રાજકોટ | |
| | **લઘુનાટક (સ્કીટ)** | |
| 1 | કે.એસ.એન. કણસાગરા મહિલા કોલેજ, રાજકોટ | |
| 2 | એમ.એન.વિરાણી કોલેજ, રાજકોટ | |
| 3 | કુંડલિયા ઈંગ્લિશ મીડિયમ મહિલા કોલેજ, રાજકોટ | |
| | **સમૂહ નૃત્ય** | |
| 1 | ટી.એન. રાવ કોલેજ, રાજકોટ | |
| 2 | દ્વીતિય ક્રમનું પરિણામ પછીથી જાહેર કરવામાં આવશે. | |
| 3 | તૃતિય ક્રમનું પરિણામ પછીથી જાહેર કરવામાં આવશે. | |
| | **પ્રાચીન રાસ** | |
| 1 | કે.એસ.એન. કણસાગરા, મહિલા કોલેજ, રાજકોટ | |
| 2 | આર.પી. ભાલોડિયા કોલેજ, ઉપલેટા | |
| 3 | એ.વી. ડી. સવજાણી કોલેજ, જામજોધપુર | |
| | **હાલરડા** | |
| 1 | રાઠોડ પૂજા ભગવાનભાઈ | ધાણક કોલેજ, બગસરા |
| 2 | પોટા ગાથા સમીરભાઈ | ભાલોડિયા કોલેજ |
| 3 | મહેતા હેમાંદ્રી વિજયભાઈ | કાણકિયા, સાવરકુંડલા |

દિવ્ય ભાસ્કર, રાજકોટ | શનિવાર, 4 નવેમ્બર, 2017

**અનોખો શણગાર** અસૂરોને હણતા ક્રોધિત અને વીરયોધ્ધાના સ્વરૂપનો અનોખો શણગાર થશે, 30 મીટરની કાઠિયાવાડી આંટીયાળી પાઘડી શિવલિંગ શોભાવશે

# આજે સોમનાથના શિવલિંગ પર વિશ્વની સૌથી મોટી પાઘડી ચઢશે

પ્રકાશ રાવરાણી | રાજકોટ

આજે શનિવારે કાર્તિક પૂર્ણિમાના પાવનકારી પર્વ ઉપર સોમનાથ મહાદેવના સ્વયંભૂ પવિત્ર શિવલિંગ પર કાઠિયાવડી આંટિયાળી પાઘડીનો શણગાર થશે. એવી પાઘડી જે આજથી છ સદી પહેલા સોમનાથના રક્ષણ માટે વિરગતિ મેળવનાર લાઠીના લવરમૂછિયા રાજકુમાર હમીરજી ગોહિલે ધારણ કરી હતી. અને હા, આ પાઘડી અન્ય એક રીતે પણ અનોખી છે. એક ચોક્કસ થીમ ઉપર આધારિત આ વિશ્વની સૌથી મોટી પાઘડી છે.

રાજકોટના યુવાન ધર્મરાજસિંહ વાઘેલાએ બનાવેલી આ પાઘડી કુલ 30 મિટરની છે. તેનો પન્નો બે મિટરનો છે. સોમનાથના શિવલિંગનો પરીઘ 7 મીટર છે. એટલે કે, એ શિવલિંગને ચાર આંટા ચડાવી અને પાઘડી બેસાડવામાં આવશે. પાઘડી માટે કુલ 140 મિટર કાપડ વપરાયું છે. પ્યોર કોટનની આ પાઘડીમાં ભરતગૂંથણીવાળો પટ્ટો એટલે કે, ઘોડેશ્વારી કરતી સમયે પાઘડીને બાંધવા માટેનું બોકાનું અને છોગું પણ બનાવવામાં આવ્યા છે.

ધર્મરાજસિંહજી વાઘેલા 300 પ્રકારની વિવિધ પાઘડીઓ બાંધવામાં માહેર છે. તેમની એક કળા ઉપર દેશ-વિદેશની ચેનલોએ ડોક્યુમેન્ટરી પણ બનાવી છે. સોમનાથ ટ્રસ્ટ દ્વારા ગત વર્ષે કાર્તિક પૂર્ણિમાના મેળા પૂર્વે અનેકવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા. તેમાં હેરીટેજ ડોમમાં ધર્મરાજસિંહ વાઘેલાની પાઘડીઓનું પ્રદર્શન યોજાયું હતું. હજારો લોકોએ એ પ્રદર્શનની મુલાકાત લીધી હતી. તે સમયે સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ તથા અધિકારીઓએ વર્ષ 2017ના કાર્તિકી પૂર્ણિમાના દિવસે શિવલિંગ પર કાઠીયાવાડી આંટિયાળી પાઘડીનો શણગાર કરવાની ઈચ્છા પ્રદર્શિત કરી હતી અને તેને માન આપી ધર્મરાજસિંહે આ પાઘડી બનાવી છે.

શનિવારે સવારે ચાર વાગ્યે ધાર્મિક વિધિ વિધાન સાથે શિવલિંગ પર આ પાઘડી ચડાવાશે. આ દિવસે શિવજીને ક્રોધિત, અસૂરોને હણી નાખતા આક્રમક અને વિર યોધ્ધાના સ્વરૂપનો શણગાર થશે અને એ શણગારને આબેહૂબ સ્વરૂપ આપવા માટે આ પાઘડી બનાવાઈ છે. ધર્મરાજસિંહે જણાવ્યું હતું કે, અન્ય રાજ્યોમાં કેટલાક સ્થળે આનાથી મોટી પાઘડીઓનો ઉપયોગ થયો છે. પણ, ચોક્કસ થીમ ઉપર આજ સુધી આ સાઈઝની પાઘડી કદી બની નથી. અને તે રીતે આ પાઘડી વિશ્વની સૌથી મોટી પાઘડી બની રહેશે. બાદમાં આ પાઘડી સોમનાથ ટ્રસ્ટના કબજામાં રહેશે.




## આ પ્રસંગ વીર હમીરજીની સ્મૃતિને અર્પણ

ઈ.સ. 1401માં અલ્લાઉદ્દીન ખીલજીએ સોમનાથ પર આક્રમણ કર્યું ત્યારે લાઠીના મિંઢોળબંધા યુવરાજ વિર હમીરજીએ સોમનાથના રક્ષણ માટે વિરગતિ વહોરી હતી. શિવજીને પાઘડીના શણગારનો આ પ્રસંગ તેમની સ્મૃતિને ધરમરાજસિંહે અર્પણ કર્યો છે.

રાજકોટ, શનિવાર, 11 ફેબ્રુઆરી, 2017 | 7 દિવ્ય ભાસ્કર

# આત્મિય કોલેજમાં વિજ્ઞાન મેળાનું આયોજન




રાજકોટ શહેર જિલ્લાની શાળાઓના વિદ્યાર્થીઓના જ્ઞાનમાં વધારો થાય તેવા ઉદ્દેશથી ઈસરો, પ્રાદેશિક લોકવિજ્ઞાન કેન્દ્ર અને સાયન્સ સિટી ભાવનગરના સયુંક્ત ઉપક્રમે 3 દિવસીય વિજ્ઞાનમેળાનું આત્મિય કોલેજ ખાતે આયોજન કરાયું છે. આ વિજ્ઞાનમેળામાં ઈસરો દ્વારા વિક્રમ સારાભાઈ સ્પેશ એક્ઝિબિશનમાં રિમોટ સેન્સિંગ અને કોમ્યુનિકેશન સેટેલાઈટસના મોડેલ્સ ઉપરાંત પૃથ્વીની ભ્રમણકક્ષામાં ઉપગ્રહોના ભ્રમણનું વર્કિંગ મોડેલ, વિવિધ વીડિયો ડોક્યુમેન્ટરિઝ, ઉપગ્રહોના સ્પેરપાર્ટ્સ વગેરે પણ પ્રદર્શિત કરાયા છે.

૪ ગુજરાત સમાચાર

ગુરૂવાર, તા.૨ ફેબ્રુઆરી, ૨૦૧૭


ગુજરાત સાયન્સ કોંગ્રેસનાં સમારોહમાં કરાશે બહુમાન

# સાયન્સની પરીક્ષામાં કાઠીયાવાડી હીર ઝળકયુ, ૬ વિદ્યાર્થી સ્ટેટ ફર્સ્ટ

રાજકોટ, બુધવાર

સામાન્ય રીતે વિજ્ઞાન અને ગણિત વિષયની પરીક્ષા વિદ્યાર્થીઓને અઘરી લાગતી હોય છે. પરંતુ તાજેતરમાં સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ વિજ્ઞાન વિષયની લેવામાં આવેલી પરીક્ષામાં સૌરાષ્ટ્રના અંદાજે એક ડઝન જેટલા ઉમેદવારોએ રાજયમાં પ્રથમ અને દ્વિતીય સ્થાન મેળવ્યું છે. સૌરાષ્ટ્ર યુનિ. સાથે સંલગ્ન આ વિદ્યાર્થીઓને તા.૫ ફેબ્રુ.નાં અમદાવાદ ખાતે ગુજરાત સાયન્સ કોંગ્રેસના અધિવેશનમાં સન્માનિત કરવામાં આવશે.

## સ્નાતક અને અનુસ્નાતક કક્ષાની પરીક્ષામાં પ્રથમ - દ્વિતીય સ્થાન મેળવનાર ૧૨ વિદ્યાર્થીઓને તા.૫ ફેબ્રુ.નાં અપાશે એવોર્ડ

ગુજરાત યુનિ.નાં ડીપાર્ટમેન્ટ ઓફ બોટની વિભાગના વડપણ હેઠળ રાષ્ટ્રીય કક્ષાની વિવિધ વિજ્ઞાન સંસ્થાઓમાં કામકરવાની ઉજ્જવળ તક વિદ્યાર્થીઓને મળી તે માટે તા.૮ જાન્યુ.નાં ૩૫૦૦ જેટલા વિદ્યાર્થીઓ માટે રાજયભરમાં મીનાક્ષી લલીત સાયન્સ પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું જેનું પરિણામ આજે જાહેર થયું હતું. તેમાં સ્નાતક કક્ષાની પરીક્ષામાં સૌરાષ્ટ્ર યુનિ.નાં ૮ જયારે અનુસ્નાતક કક્ષાની પરીક્ષામાં ૪ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. જેમાં બાયો ટેકનોલોજીમાં પ્રિયાંક પટેલ (પ્રથમ) સ્મીતાબા ચુડાસમા (દ્વિતીય) મેથેમેટીકસમાં ખાચર હરદીપ (દ્વિતીય), માઈક્રો બાયોલોજીનું ઈશીતા સાગર (પ્રથમ) જીસ્સા પેરેસા કુરીયન (દ્વિતિય) ઝુલોજીમાં મીહીર ખુમાણ (પ્રથમ) બાયો ઈન્ફોમેટીકસમાં વરૂણ નાયર અને રીજા જયોર્જ અનુક્રમે પ્રથમ અને બીજા સ્થાને ઉતીર્ણ થયા છે. જયારે અનુસ્નાતક કક્ષાએ બાયોટેકનોલોજીમાં શીવાની ટાંક અને ચુડાસમા રાધીકા જયારે માઈક્રો બાયોલોજીમાં લાવડીયા કિશ્રા અને જાદવ દિવ્યાબેને અનુક્રમે પ્રથમ અને દ્વિતીય સ્થાને વિજેતા થયા છે.

(રાજકોટ આવૃત્તિ) ગુજરાત સમાચાર
શનિવાર, તા.૧૧ ફેબ્રુઆરી, ૨૦૧૭



વિજ્ઞાનમેળામાં ઈશરોના વિવિધ ઉપગ્રહના મોડેલ અને રોકેટ જોવા વિદ્યાર્થીઓ ઉમટયા હતાં.

જણાવ્યું હતું કે, આંધ્રપ્રદેશના શ્રી હરીકોટા ખાતે આવેલા સેટેલાઈટ લોન્ચીંગ સેન્ટર ખાતેથી તા.૧૫ ફેબ્રુ.નાં ૧૦૩ સેટેલાઈટ આકાશમાં છોડીને દુનિયામાં ભારત નવો જ રેકોર્ડ સ્થાપિત કરશે. ભારતીય વૈજ્ઞાનિકોએ માનવરહિત ચંદ્રયાન આકાશમાં છોડીને ત્યાં ભીનાશવાળી જમીન હોવાનાં પુરાવા દુનિયાસમક્ષ રજૂ કર્યા છે. મંગળયાનનું પણ સફળ રીતે ઉતરાણ કર્યું છે હવે ચંદ્રયાન-૨ નામનો ઉપગ્રહ ટુંક સમયમાં આકાશમાં છોડવામાં આવશે. જે ચંદ્રનો વિશેષ અભ્યાસ કરશે. એ જ રીતે આદિત્ય મિશન સુર્યના અભ્યાસ માટે સજ્જ થઈ રહ્યું છે. તેથી ટુંક સમયમાં આકાશમાં આદિત્ય ઉપગ્રહનું પણ લોન્ચીંગ કરવામાં આવશે. જયારે નાસાના સહયોગથી નિસારના મનુ સેટેલાઈટ માટે ઉપયોગી પેલુડ તૈયાર કરાશે.

રાજકોટમાં ઈશરો દ્વારા ઉપગ્રહનાં અને રોકેટનાં મોડેલ રજુ કરવામાં આવ્યા છે. તે ઉપગ્રહ કઈ રીતે આકાશમાં કામ કરે છે. તે અંગે વિદ્યાર્થીઓને સમજાવવા માટે પાંચ વૈજ્ઞાનિકોની ટીમ ૫ ણ રાજકોટ આવી હોવાનું જણાવાયું હતું. મોબાઈલ અને ઈન્ટરનેટના યુગમાં આ સાધનો કઈ રીતે કામ કરે છે? તેની સમજણ અંતરિયાળ વિસ્તારના વિદ્યાર્થીઓને આપવા માટે ઈશરોના વૈજ્ઞાનિકોનું મોબાઈલ પ્રદર્શન જુદા જુદા વિસ્તારમાં ફરીને ભાવિ વૈજ્ઞાનિકો તૈયાર કરવામાં માર્ગદર્શન પુરૂ પાડી રહ્યું હોવાનું જણાવાયું હતું.

16
SANDESH ન્યૂઝ
RAJKOT | SUNDAY, 09•07•2017

ગુરુર્બ્રહ્મા ગુરુર્વિષ્ણુ ગુરુર્દેવો મહેશ્વર । ગુરુર્સાક્ષાત્ પરંબ્રહ્મ તસ્મૈ શ્રીગુરુવેનમઃ ॥

# ગુરૂની વ્યાખ્યા કરે છે ગુરૂજનો

## ગુરૂક્ષોત્રિય (જ્ઞાનસંપન્ન), બ્રહ્મનિષ્ઠ (તત્વદર્શી) હોવા જોઈએ



ગુરુ જ બ્રહ્મા, ગુરુ જ વિષ્ણુ અને ગુરુ જ મહેશ્વર છે. ગુરુ સાક્ષાત પરબ્રહ્મરૂપ છે. મનુષ્યના હૃદયમાં સૃષ્ટિકર્તા બ્રહ્માએ જ્ઞાનનો પ્રકાશ ઉત્પન્ન કર્યો, જ્ઞાન યથાવત કરવાનું કાર્ય ભગવાન શંકરનું છે. શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ ગુરુ જ જ્ઞાનરૂપી અંજન-શલાકાથી અજ્ઞાનરૂપી છે. ગુરુ શ્રોત્રિય (જ્ઞાનસંપન્ન), બ્રહ્મનિષ્ઠ (તત્વદર્શી) હોવા જોઈએ. મનુષ્યનું કલ્યાણ જ્ઞાનસંપન્ન અને તત્વદર્શી ગુરુ જ કરી શકે.

-જગદગુરૂ શંકરાચાર્ય સ્વામી શ્રી સ્વરૂપાનંદ સરસ્વતીજી મહારાજ
દ્વારિપીઠાધીશ્વર (શારદા પીઠ, દ્વારકા)

## ગુરૂ જ્ઞાન નથી આપતા પરંતુ અજ્ઞાનને હરે છે



શિષ્યનાં અજ્ઞાનરૂપી અંધકારને પોતાનાં જ્ઞાનરૂપી પ્રકાશથી દુર કરે એ ગુરૂ . વાસ્તવમાં, આપણો ભૌતિક પિંડ માતા -પિતાથી મળે છે પરંતુ ભાવાત્મક પિંડ સદ્ગુરૂ તૈયાર કરે છે. હું જેની પાસે ભણ્યો તે શિક્ષાગુરૂ હરગોવિંદ દાદા, ભાગવતમાં જેનું માર્ગદર્શન પામ્યો એ જીવરાજ બાપા,મનોયજ્ઞપવિતથી દિક્ષીત કરનાર દુર્લભજીબાપાને હું ગુરૂ માનું છું. એ સિવાય, બ્રહ્મલીન ડોંગરેજી મહારાજ ,કૃષ્ણસુંદર દાદા અને બ્રહ્મલીન અખંડાનંદજી મહારાજ મારા પ્રેરક ગુરૂ.

- રમેશભાઈ ઓઝા (ભાગવત કથાકાર)

## અંતઃકરણને શુધ્ધ રાખવાનો ઉપાય ગુરૂ દેખાડે છે



જીવને જેવો દેહના સંબંધીને દ્રઢ પ્રસંગ છે તેવો પ્રસંગ ભગવાનના એકાંતિક સાધુને વિષે થાય તો મોક્ષનું દ્વાર ખુલે છે. સારું અને સાચું જીવન જીવી શકીએ એ જ તો છે મોક્ષ ભગવાન શ્રી સ્વામિનારાયણે વચનામૃતમાં કહ્યું છે, પંચ ઈન્દ્રિયો (આંખ,કાન, નાક, જીભ અને ત્વચા) દ્વારે જીવ આહાર કરે છે તે આહાર જો શુધ્ધ કરશે તો અંતઃકરણ શુધ્ધ થાશે.... આ અંતઃકરણ (મન)ને શુધ્ધ રાખવાના ઉપાય સત્પુરૂષ એટલે કે ગુરૂ દેખાડે છે. સત્પુરૂષ સાથેની મૈત્રીને પરિણામે પરિવારમાં પ્રેમ પ્રગટે, પ્રત્યેક ભોજન પ્રસાદ બને અને ઘર મંદિરસમ બને છે પછી ભૌતિક અને આધ્યાત્મિક પ્રગતિમાં અવરોધરૂપ અભિમાન, અહંકાર, અદેખાઈ, અણગમો જેવા તત્વો વિદાય લે. જીવન આ રીતે આનંદિત બને એટલે પ્રત્યેક દિન ગુરૂપૂર્ણિમા અને પ્રત્યેક કર્મ ગુરુપૂજન બની રહે !

- સાધુ ત્યાગવલ્લભદાસ

## જીવરાજબાપુ એટલે સનાતનની ચેતન જયોત



વિસાવદર : વર્તમાન સમયમાં જીવતું જાગતું પીરાણું એટલે સત્તાધારની ગાદી. આજનો પાવન દિવસ ગુરૂપૂર્ણિમાંના અવસરે સત્તાધારના લઘુમહંત શ્રી વિજયબાપુએ તેમના ગુરૂ શ્રી જીવરાજબાપુ વિશે જણાવ્યું હતું કે જીવરાજબાપુ એટલે સનાતનની ચેતન જયોત છે. વર્તમાન કળીયુગમાં અમોએ ભગવાનને કયાંય જોયો નથી પરંતુ જીવરાજબાપુમાં અમો સાક્ષાત ભગવાન જોઈ રહ્યા છીએ .ગુરૂ અને શિષ્યનો પાવન અવસર ગુરૂપૂર્ણિમાં નિમિતે સતાધારમાં ભજન,ભોજન અને ભકિતનો ત્રીવેણી સંગમ સર્જાશે . સવારના ગુરૂ પૂજન, બાદમાં ભોજન પ્રસાદનો પ્રબંધ કરાયો છે.

- શિષ્ય વિજયભગત

તા.૨૪-૬-૨૦૧૭, શનિવાર — શિક્ષણ-વિશેષ — આઝાદ સંદેશ 5

# આત્મીય ગ્રુપ ઓફ ઇન્સ્ટીટ્યુશન્સ – રાજકોટ : શિક્ષણની સાથે સંસ્કારનો સમન્વય કરતું વિદ્યાતીર્થ

## સાયન્સ-એન્જીનિયરીંગ-ડિપ્લોમા એન્જી.-ફાર્મસી-મેનેજમેન્ટ-કમ્પ્યુટરના રોજગારલક્ષી કોર્સીસ

## શ્રેષ્ઠ શૈક્ષણિક સુવિધાઓ સાથે વિદ્યાર્થીલક્ષી અભિગમ

**Virani Science**

SCHOLARSHIP

| Grade | Scholarship in Tuition Fees |
|---|---|
| A1 | 100% |
| A2 | 50% |

| 2018-19 | Press Notes – Achievement & Appreciation |
| --- | --- |

૧૬ ગુજરાત સમાચાર મંગળવાર, તા. ૨૪ સપ્ટેમ્બર, ૨૦૧૯



રાજકોટમાં યોજાયેલી રાજ્યકક્ષાની રાસગરબા સ્પર્ધામાં શ્રેષ્ઠ કૃતિઓ રજુ કરી રહેલા સ્પર્ધકો.

# આજથી વિરાણી સાયન્સ કોલેજનો ત્રિવેણી ઉત્સવ

## હરિપ્રસાદ સ્વામીજી, ત્યાગવલ્લભસ્વામી સહિતના સંતોની ખાસ ઉપસ્થિતી

રાજકોટ તા.૨૨

રાજકોટનાં પ્રસિધ્ધ આતમીય પરિસર સ્થિત મણીભાઇ એન્ડ નવલબેન વિરાણી સાયન્સ કોલેજની સુવર્ણજયંતી, આત્મીય યુનિવર્સિટીના શુભારંભ અને યોગીધામ ગુરુકુળની સ્થાપનાની ત્રિ-દશાબ્દી નિમિતે ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. તા.૨૩ અને ૨૪ ફેબ્રુઆરી દરમિયાન 'અવસર ત્રિવેણી' તરીકે ઉજવાનાર આ કાર્યક્રમ અંતર્ગત ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો સ્નેહમિલન સમારોહ 'મને સાંભરે રે...', વિદ્યાર્થીઓ દ્વારા 'દેશભકિતના ગીતોનો કાર્યક્રમ' આનંદપર્વ અને મુખ્ય સમારોહ યોજાશે.

આ પ્રસંગે યોગી ડિવાઇન સોસાયટીના પરમાધ્યક્ષ પરમ પૂજ્ય હરિપ્રસાદ સ્વામીજી ખાસ ઉપસ્થિત રહેવાના છે. આ અંગે માહિતી આપતા આત્મીય યુનિવર્સિટીના સંરક્ષક ત્યાગવલ્લભ સ્વામીએ જણાવ્યું છે કે, 'અવસર ત્રિવેણી'માં તા. ૨૩ ફેબ્રુઆરીએ શનિવારે બપોરે ૩.૦૦ થી સાંજે ૬.૦૦ દરમિયાન ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને અધ્યાપકોનું સ્નેહમિલન 'મને સાંભરે રે...' યોજાશે. જેમાં વિરાણી સાયન્સ કોલેજના પ્રથમ પ્રિન્સિપાલ પ્રો.એ.આર. પરીખ મુખ્ય અતિથી અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલનાયક ડો. વિજયભાઇ દેસાણી અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત રહેશે. તે જ દિવસે રાત્રે ૮.૦૦ થી ૧૧.૦૦ વિદ્યાર્થીઓ દ્વારા દેશભકિતના ગીતો-નૃત્યોનો કાર્યક્રમ 'આનંદપર્વ' યોજાશે.

વિરાણી સાયન્સ કોલેજની સુવર્ણજયંતીની ઉજવણી તેમજ 'આત્મીય યુનિવર્સિટીના ઔપચારિક શુભારંભનો સમારોહ તા.૨૪ ફેબ્રુઆરીએ રવિવારે સાવરે ૯.૩૦ થી શરૂ થશે. આ સમારોહમાં રાજયના મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી મુખ્ય અતિથી અને શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા તેમજ મુખય દાતા પરિવારના અનિલભાઇ વિરાણી અને સમીરભાઇ વિરાણી અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેશે.

આ મુખ્ય સમારોહમાં મણીભાઇ એનડ નવલબેન વિરાણી સાયન્સ કોલેજની સ્થાપનામાં નિમિત બનનાર મુખ્ય દાતા પરિવારના શ્રેષ્ઠી અનિલભાઇ વિરાણી અને સમીરભાઇ વિરાણીનું જાહેર સન્માન કરવામાં આવશે.

આત્મીય પરિસરની વિકાસ ગાથા વર્ણવતા પૂજ્ય ત્યાગવલ્લભ સ્વામીએ જણાવ્યું છે કે, સિતેરના દાયકામાં સુખ્યાત કેળવણીકારો સ્વ. હરસુખભાઇ સંઘવી, સ્વ. કુળગુરૂ ડોલરરાય માંકડ, સ્વ. લાભુભાઇ ત્રિવેદી, સ્વ. જયંતીભાઇ કુંડલીયા વગેરેએ સમયની માંગને સમજીને શિક્ષણના પ્રસાર માટે 'સર્વોદય કેળવણી સમાજ' ની સ્થાપના કરી હતી. સુખ્યાત દાનવીર વિરાણી પરિવારના મુખ્ય દાનથી નવલબેન વિરાણી સાયન્સ કોલેજ અને હ.લ. ગાંધી પરિવારનાં દાનથી 'હ.લ.ગાંધી વિદ્યાવિહાર'ની સ્થાપના થઇ.

ઇ.સ. ૨૦૧૯નું વર્ષ આ પરિસરને 'યોગીધામ' ની સ્થાપનાની ત્રિ-દશાબ્દીનું વર્ષ છે. યોગીધામ ગુરૂકુળનાં નેજા નીચે પરમ પૂજય હરિપ્રસાદ સ્વામીજીની પ્રેરણા અનુ આશીર્વાદથી પ્રતીતિકર વિકાસ થયો છે. આ વર્ષે જ ગુજરાત સરકાર દ્વારા ગુજરાત પ્રાઇવેટ એકટ હેઠળ ' આત્મીય યુનિવર્સિટીના રચના કરવામાં આવી છે. રાજકોટને 'એજયુકેશનલ હબ' બનાવવામાં આ પરિસરનું નોંધપાત્ર યોગદાન રહ્યું છે.

આત્મીયના વિદ્યાર્થીઓ દરવર્ષે ધ્વજદિન નિમિતે સૈનિક કલ્યાણ નિધિ માટે સમાજમાંથી ફાળો એકત્ર કરતા હોય છે. ધ્વજદિન-૨૦૧૮ નિમિતે એકત્ર થયેલ યોગદાનમાં યોગીધામ દ્વારા ઉમેરો કરીને રૂ સાત લાખ એકાવન હજારનો ચેક મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં રાજકોટ જીલ્લા સમાહર્તા રાહુલ ગુપ્તાને અર્પણ કરવામાં આવશે.

# રાજકોટમાં રાજ્યકક્ષાની ગરબા સ્પર્ધાનો પ્રારંભ



## પ્રથમ દિવસે જામનગર ગ્રામ્ય, ભાવનગર ગ્રામ્ય, રાજકોટ શહેર, સુરેન્દ્રનગર, આણંદ, અમરેલી, ગાંધીનગર ગ્રામ્ય, વલસાડ, અરવલ્લી અને બનાસકાંઠાની ટીમોએ કલા પાથરી



ફોટો : જયેશ ટંકારીયા

12
SANDESH
13
FRIDAY, 27•09•2019





રાજકોટ : રાજ્ય સરકારના રમત, ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ દ્વારા રાજકોટના હેમુગઢવી હોલમાં રાજ્યકક્ષાની નવરાત્રી રાસ-ગરબા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. ચાર દિવસ ચાલનારી આ સ્પર્ધામાં વિવિધ શહેરોમાંથી આવેલી ૧૨૩ ટીમોના ૨૪૬૦ ખેલૈયાઓ કલાનું પ્રદર્શન કરશે. આજે શરૂ થયેલી રાજ્યકક્ષાની સ્પર્ધામાં પ્રથમ દિવસે જામનગર ગ્રામ્ય, ભાવનગર ગ્રામ્ય, રાજકોટ શહેર, સુરેન્દ્રનગર, આણંદ, અમરેલી, ગાંધીનગર ગ્રામ્ય, વલસાડ, અરવલ્લી અને બનાસકાંઠાની ટીમોએ કલા પાથરી હતી.

રાજ્ય સરકારના રમત-ગમત, યુવા અને સંસ્કૃતિક પ્રવૃતિઓના વિભાગ તેમજ યુવાક સેવા, સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ગાંધીનગર અને રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા રાજ્યકક્ષાની નવરાત્રી રાસ-ગરબા સ્પર્ધા-૨૦૧૯નું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધાતા. ૨૩થી તા. ૨૬ સુધી હેમુગઢવી હોલમાં યોજાશે

(82)

**TUESDAY, 24•09•2019**

### રાજ્યકક્ષાની નવરાત્રી ગરબા સ્પર્ધામાં

# પ્રાચિન-અર્વાચિનમાં ગાંધીનગરે મેદાન માર્યું : રાસ-ગરબામાં જૂનાગઢ વિજેતા

## પ્રાચિન ગરબામાં રાજકોટ ત્રીજા અને અર્વાચીનમાં બીજા ક્રમે વિજેતા

ફોટો : જયેશ ટંકારીયા






। રાજકોટ ।

રાજ્ય સરકારના રમત, ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ દ્વારા રાજકોટના હેમુગઢવી હોલમાં રાજ્યકક્ષાની નવરાત્રી રાસ-ગરબા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. ચાર દિવસ ચાલનારી આ સ્પર્ધામાં વિવિધ શહેરોમાંથી આવેલી ૧૨૩ ટીમોના ૨૪૬૦ ખેલૈયાઓ કલાનું પ્રદર્શન કર્યું હતું. અંતિમ દિવસે પ્રાચીન અને અર્વાચીન ગરબામાં ગાંધીનગર અને રાસગરબામાં જૂનાગઢ ગ્રામ્યની ટીમે બાજી મારી હતી. તો રાજકોટની ટીમે પ્રાચીન ગરબામાં ત્રીજા અને અર્વાચીન ગરબામાં બીજા ક્રમે આવી છે.

રાજ્ય સરકારના રમત-ગમત, યુવા અને સંસ્કૃતિક પ્રવૃતિઓના વિભાગ તેમજ યુવાક સેવા, સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ગાંધીનગર અને રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા રાજ્યકક્ષાની નવરાત્રી રાસ-ગરબા સ્પર્ધા-૨૦૧૯નું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધાતા. ૨૩થી તા. ૨૬ સુધી હેમુગઢવી હોલમાં યોજાશે. જેમાં રાજયભરના જિલ્લાઓની અને મહાનગરપાલિકાની ૧૨૩ ટીમો અને ૨૪૬૦ ખેલૈયાઓ ભાગ લીધો છે.

આજે અંતિમ દિવસે પ્રાચીન ગરબા સ્પર્ધામાં ગાંધીનગર શહેરનું પનઘટ કલા કેન્દ્ર પ્રથમ, ભાવનગર શહેરની કામદાર કલા ચેરીટેબલ ટ્રસ્ટ બીજા અને રાજકોટ શહેરની એમ.એન.વિરાણી સાયન્સ કોલેજ ત્રીજા ક્રમે વિજેતા બની હતી. આ ઉપરાંત અર્વાચીન રાસગરબા સ્પર્ધામાં ગાંધીનગર શહેરનું પનઘટ કલા કેન્દ્ર પ્રથમ, રાજકોટ શહેરનું શ્રી વૃંદ બીજા ક્રમે અને સુરત ગ્રામ્યની શ્રી કન્યા વિદ્યાલય અસ્તાન ત્રીજા ક્રમે વિજેતા બની હતી. તો રાસ ગરબાની સ્પર્ધામાં જૂનાગઢ ગ્રામ્યનું બ્રહ્મપુરી દાંડિયા ગ્રુપ પ્રથમ, સુરેન્દ્રનગરનું ગોવાળીયો રાસ ગ્રુપ બીજા અને ગાંધીનગર શહેરનું સુંદરમ કલ્ચરલ ગ્રુપ ત્રીજા ક્રમે વિજેતા બન્યું હતું.

# આત્મીયના આંગણે અવસર ત્રિવેણી

રાજકોટની આત્મીય પરિસર સ્થિત મણીભાઈ એન્ડ શ્રીમતિ નવલબેન વિરાણી સાયન્સ કોલેજની સુવર્ણજયંતિ આત્મીય યુનિ.ના શુંભારંભ અને યોગીધામ ગુરૂકુલની સ્થાપનાની ત્રિ-શતાબ્દિ નિમિતે ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. તા.૨૩ અને ૨૪ દરમિયાન અવસર ત્રિવેણી તરીકે ઉજવનારા આ કાર્યક્રમ અંતર્ગત ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો સ્નેહમિલન સમારોહ અને મને સાંભરે રે... વિદ્યાર્થીઓ દ્વારા દેશભકિતના ગીતોનો કાર્યક્રમ આનંદપર્વ અને મુખ્ય સમારોહ યોજાશે. આ તકે યોગી ડિવાઈન સોસાયટીના પરમાધ્યક્ષ હરિપ્રસાદ સ્વામી ખાસ ઉપસ્થિત રહેવાના છે. આ તકે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા હાજર રહેશે. સ્વ.મણીભાઈ વિરાણી પરિવારનું સન્માન કરવામાં આવશે. સૈનિક કલ્યાણ નિધિમાં સાત લાખ એકાવન હજાર અર્પણ કરાશે.

| | | |
|---|---|---|
| | **Shri Manibhai Virani and Smt. Navalben Virani Science College**<br>An Autonomous college affiliated to Saurashtra University, Rajkot | **NAAC - Cycle-3** |
| | | **Criterion – III** |
| | | **Metric – 3.6.3** |

| 2019-20 | Press Notes – Achievement & Appreciation |
|---|---|



# કલા ઉત્સવમાં વિજેતાઓએ પાથર્યા કલાના કામણ

એજ્યુકેશન રિપોર્ટર | રાજકોટ

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અને કલેક્ટર કચેરીના સંયુક્ત ઉપક્રમે સોમવારે કલેક્ટર કચેરીમાં આવેલા કલા મંચ ખાતે કલા ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં યૂથ ફેસ્ટિવલના વિજેતાઓએ કલાના કામણ પાથર્યા હતા. તેમજ આત્મીય કોલેજના વિદ્યાર્થીઓએ પ્રાચીન રાસ, ક્રાઈસ્ટ કોલેજની વિદ્યાર્થિની નિધિ શાહે શાસ્ત્રીય નૃત્ય તથા 'યુદ્ધ અને અમન' મૂક અભિનય, ટી એન રાવ કોલેજના વિદ્યાર્થી આદિત્ય જાનીએ મિમિક્રી, અર્જુનલાલ હિરાણી કોલેજના મીર આદિલ દ્વારા હળવું કંઠ્ય સંગીત અને ધર્મેન્દ્રસિંહ કોલેજના વિદ્યાર્થી મારૂ ઉત્તમે શાસ્ત્રીય કંઠ્ય સંગીત રજૂ કર્યું હતું.

# ૨૪મીથી આત્મિય યુનિ.માં સ્માર્ટ હેકાથોન

રાજકોટ તા.૨૨

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ હેઠળ કાર્યરત ગુજરાત નોલેજ સોસાયટી દ્વારા નસ્માર્ટ ગુજરાત ફોર ન્યુ ઈન્ડિયા હેકાથોન-૨૦૨૦'નું આયોજન આત્મીય યુનિવર્સિટી ખાતે કરવામાં આવ્યું છે. પ્રાદેશિક સ્તરની આ સ્પર્ધા તા. ૨૪ અને ૨૫ ફેબ્રુઆરી દરમિયાન યોજાશે. નોનસ્ટોપ છત્રીસ કલાક સુધી ચાલનારી આ ઈવેન્ટમાં કુલ ૨૦૧ ટીમ ભાગ લેવાની છે. કુલ અગિયાર સો જેટલા વિદ્યાર્થીઓ ભાગ લેશે તેમાં સાડા ચારસો જેટલી વિદ્યાર્થિનીઓ છે.

ગુજરાત સરકારના વિવિધ વિભાગો, ખાતાંઓ અને કચેરીઓ તરફથી પ્રાપ્ત થયેલ સમસ્યાઓનું ડિજિટલ સમાધાન કરવાના પ્રયત્નો આ ઇવેન્ટમાં કરવામાં આવશે. જેમાં મુખ્યત્વે આરોગ્ય, ખાદ્ય સામગ્રી, પાણી વિતરણ અને શુધ્ધિકરણ, સિંચાઈ, રિન્યુએબલ એનર્જી, હોટેલ મેનેજમેન્ટ, હોસ્ટેલ મેનેજમેન્ટ, શિક્ષણ વ્યવસ્થાપન, ઘન અને પ્રવાહી કચરાનો નિકાલ જેવી બાબતોનો સમાવેશ થાય છે.

આ મેગા ઈવેન્ટ માટે પંચાવન જેટલા નિર્ણાયકો રહેશે. જેમાં આડત્રીસ તજજ્ઞો કોમ્પ્યુટર અને આઈ.ટી.ના અધ્યાપકો તેમજ સતર તજજ્ઞો ઈન્ડસ્ટ્રીમાંથી રહેશે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, પ્રજાસતાક દિનની રાજ્યસ્તરીય ઉજવણીને અનુલક્ષીને રાજકોટમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, આત્મીય યુનિવર્સિટી અને મારવાડી યુનિવર્સિટીના યજમાનપદે રાજકોટ મહાનગરપાલિકાના સહયોગથી રાજકોટ સ્માર્ટ સિટી હેકાથોન-૨૦૨૦માં અલગ. અલગ કેટેગરીમાં આત્મીય યુનિવર્સિટીના વિદ્યાર્થીઓની ટીમ ઉત્કૃષ્ટ દેખાવ કરીને વિજેતા બની હતી. તા. ૨૪ - ૨૫ ફેબ્રુઆરી દરમિયાન યોજાઇ રહેલ સ્માર્ટ ગુજરાત ફોર ન્યુ ઈન્ડિયા હેકાથોન-૨૦૨૦'નાં સફળ આયોજન માટે ડેપ્યુટી રજીસ્ટ્રાર પ્રો. આશિષ કોઠારી, વિરાણી સાયન્સ કોલેજના આચાર્ય ડૉ. કાર્તિક લાડવા, વિવિધ ડિપાર્ટમેન્ટના હેડ તેમજ વરિષ્ઠ અધ્યાપકોનાં માર્ગદર્શનમાં સ્ટાફ તેમજ વિદ્યાર્થીઓ જહેમત ઉઠાવી રહ્યા છે.

# સ્માર્ટસીટી હેકેથોનમાં આત્મિય યુનિ.ની ટીમ વિજેતા

રાજકોટ તા,૨૯

પ્રજાસતાક દિનની રાજ્યસ્તરીય ઉજવણીને અનુલક્ષીને રાજકોટમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, આત્મીય યુનિવર્સિટી અને મારવાડી યુનિવર્સિટીના યજમાનપદે રાજકોટ મહાનગરપાલિકાના સહયોગથી રાજકોટ સ્માર્ટ સિટી હેકેથોન-૨૦૨૦નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અલગ અલગ કેટેગરીમાં આત્મીય યુનિવર્સિટીના વિદ્યાર્થીઓની ટીમ ઉત્કૃષ્ટ દેખાવ કરીને વિજેતા બની હતી.

આત્મીય યુનિવર્સિટીનાં એમ.સી.એ.ડિપાર્ટમેન્ટના વિદ્યાર્થીઓની ટીમે રાજકોટ મહાનગરપાલિકા માટે પ્લાન્ટ અ ટ્રી એપ્લિકેશન વિકસાવીને પ્રથમ ક્રમ મેળવ્યો હતો. કેવિન અઘેરાનાં નેતૃત્વમાં સાવન ચાંગેલા, દેવાંગ ગરાચ અને શિવાંગ પનારાએ આ એપ્લિકેશન બનાવવામાં સફળતા મેળવી હતી. જેમાં અધ્યાપક નીરજ ભાગચંદાણીએ માર્ગદર્શન આપ્યું હતું. તે જ રીતે બાયોકેમિસ્ટ્રી અને માઈક્રોબાયોલોજી ડિપાર્ટમેન્ટની વિદ્યાર્થિનીઓની ટીમને સ્પેશિયલ એવોર્ડથી સન્માનીત કરવામાં આવી હતી. આ ટીમે નનો યોર ફૂડથ (તમારા ખોરાકને જાણો) એપ્લિકેશન બનાવી છે.

પ્રજાસત્તાક પર્વની રાજ્યકક્ષાની ઉજવણી અન્વયે

# ૨૫મીએ આત્મીય યુનિ.માં યોજાશે યુવા સંમેલન

## રોજગારલક્ષી વિવિધ વેબસાઈટનું પ્રમોશન કરાશે

રાજકોટ, તા. ૧૩ : ઉત્સવઘેલી રાજકોટની પ્રજા સામાન્ય પર્વ પણ જોરદાર ઉમળકાથી ઉજવતી હોય છે ત્યારે રાજ્યકક્ષાનાં પ્રજાસત્તાક-પર્વની ઉજવણીનો ઉત્સાહ તો રાજકોટવાસીઓને મન અનેરો જ હોય ને...શહેરીજનોના આ ઉત્સાહને ચાર ચાંદ લગાવવા માટે જિલ્લા વહિવટી તંત્ર, મહાનગરપાલિકા અને રાજ્ય સરકારના વિવિધ વિભાગો પણ આ ઉજવણીની જોરદાર તૈયારીમાં લાગી પડ્યા છે.


આ ઉજવણીની શ્રૃંખલાના ભાગરૂપે ૨૫ જાન્યુઆરીએ સવારે ૧૧ વાગ્યે આત્મીય યુનિવર્સિટીનાં પ્રાંગણમાં યુવા સંમેલનનું આયોજન કરાયું છે. જિલ્લા કલેક્ટર રેમ્યા મોહન, જિલ્લા વિકાસ અધિકારી અનિલ રાણાવસીયા અને મ્યુનિ. કમિશનર ઉદિત અગ્રવાલની આગેવાનીમાં આ સંમેલનને અવિસ્મરણીય બનાવવાની તૈયારીઓ આરંભી દેવામાં આવી છે.

જેમાં ૫૦ ટકા સક્રિય સામેલગીરી માટે મહિલા કોલેજોની બહેનો ઉપસ્થિત રહેશે, આ ઉપરાંત કેરિયર ગાઇડન્સ અંગે યુવાનોને વિવિધ સરકારી અને ખાનગી શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા ઉપયોગી માર્ગદર્શન પુરૂં પાડવામાં આવશે.

રોજગારલક્ષી વિવિધ વેબસાઈટોનું પ્રમોશન કરવામાં આવશે. મુખ્યમંત્રી એપ્રેન્ટીસશીપ યોજનાના નિમણુંક પત્રનું વિતરણ કરવામાં આવશે, મીડીયમ સ્મોલ એન્ડ માઈક્રો એન્ટરપ્રિન્યોર એટલે કે એમ.એસ.એમ.ઇ. અંતર્ગત વધુને વધુ યુવાનો સામેલ થાય તે વિષે આ સંમેલનમાં ચર્ચા તથા કાર્યવાહી અને જરૂરી ફોર્મ્સ સ્થળ પર જ ભરી શકાય તેવી તમામ સગવડ અપાશે, સમગ્ર વર્ષનું રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારનું ભરતી કેલેન્ડર યુવાનોના લાભાર્થે રજૂ કરવામાં આવશે, ભાઈઓ, બહેનો અને દિવ્યાંગો માટે ઉપલબ્ધ સરકારી નોકરીની તકો અંગે માહિતી આપવામાં આવશે, આઈ.ટી.આઈ.માંથી કોર્સ કરેલા યુવાનોને વર્ક ઓર્ડર આપવામાં આવશે, જિલ્લામાં બનેલા સ્વામી વિવેકાનંદ યુવા મંડળના ૫૫૦થી વધુ પ્રમુખોને નિયુક્તિપત્રો એનાયત કરાશે તેમજ વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે એસસી એસટી અને ઓબીસી કેટેગરીના યુવાનોને ૧૦,૦૦૦ રૂપિયાની સહાય આપવામાં આવશે.

# સુદામા અને શ્રીકૃષ્ણને અભ્યાસની સમાન તક પ્રાપ્ત થશે તો નવી શિક્ષણનીતિ સફળ

## અન્યનો વિચાર સમાજમાં આત્મીયતાનો પ્રસાર કરશે: આત્મીય યુનિવર્સિટીના સંવાહક ત્યાગવલ્લભસ્વામી



રાજકોટ, તા. ૩૦: (ફૂલછાબ ન્યુઝ) કેબિનેટ દ્વારા મંજૂર કરવામાં આવેલી નવી શિક્ષણ નીતિ વિશે આત્મીય યુનિવર્સિટીના સંવાહક ત્યાગવલ્લભ સ્વામીએ બહુમૂલ્ય મંતવ્ય વ્યક્ત કરતા જણાવ્યું છે કે નવી શિક્ષણનીતિ પ્રાથમિક દ્રષ્ટિએ જોતા આવકાર્ય છે. પરંતુ આ નીતિની સફળતાનો આધાર તો કેન્દ્ર અને રાજ્ય સરકારો તેનું અમલીકરણ કઈ રીતે કરે છે, અને ભારતીય સમાજ વ્યવસ્થા તેને કઈ રીતે મુલવે છે તેના પર રહેશે. પ્રાચીન ભારતીય પરંપરા અને પાશ્ચાત્ય દેશોના અભ્યાસક્રમોને દ્રષ્ટિમાં રાખીને વિદ્યાર્થીઓમાં બાળપણથી જ કોઈ બાબતનું કૌશલ્યવર્ધન થાય તેવો ઉદ્દેશ દેખાય છે. પ્રાથમિક શિક્ષણથી જ બાળકોમાં જીવનમૂલ્યોનીપ્રતિષ્ઠા થાય તેવો અભિગમ આ નીતિમાં છે તે આવકાર્ય છે. અન્યનો વિચાર સમાજમાં સમરસતા અને આત્મીયતાનો પ્રસાર કરશે. સુદામા અને શ્રીકૃષ્ણને અભ્યાસની સમાન તક અને સુવિધા પ્રાપ્ત થશે તો આ નવી શિક્ષણ નીતિ સફળ ગણાશે.

ત્યાગવલ્લભ સ્વામીએ ઉમેર્યુ છે કે આપણી સંસ્કૃતિ ઋષિ અને કૃષિની રહી છે એ કહેવામાં કર્ણપ્રિય લાગે છે. એ પરંપરામાં સહઅસ્તિત્વ અને સહકાર કેન્દ્ર સ્થાને હતા. પરંતુ વિકાસની દોટમાં આ મૂલ્યો પાછળ છુટી ગયા તેનો ખ્યાલ જ ન રહ્યો. વિભક્ત પરિવારના બાળકો સ્વકેન્દ્રી બની ગયા છે. તેને કારણે સમાજજીવનનુ પોત ઘસાતું જાય છે. તે પોતાના નવસર્જનમાં નવી શિક્ષણનીતિ શું કરી શકે છે તે સમય જ બતાવશે. ઉચ્ચ શિક્ષણમાં જે ફેરફાર જરૂરી જણાતા હતા તે અત્યારે તો કરવામાં આવ્યા છે. પરંતુ પ્રાથમિકથી માંડી ઉચ્ચ શિક્ષણ સુધી ક્રમે ક્રમે સરકારનો હસ્તક્ષેપ ઘટશે તો જે ઉદ્દેશથી આ ફેરફારો થયા છે તે સાકાર થશે.

| **2021-22** | **Press Notes – Achievement & Appreciation** |
|---|---|

# ૨૫મીએ આત્મીય યુનિ.માં યોજાશે યુવા સંમેલન

## રોજગારલક્ષી વિવિધ વેબસાઈટનું પ્રમોશન કરાશે

રાજકોટ, તા. ૧૩ : ઉત્સવઘેલી રાજકોટની પ્રજા સામાન્ય પર્વ પણ જોરદાર ઉમળકાથી ઉજવતી હોય છે ત્યારે રાજ્યકક્ષાનાં પ્રજાસત્તાક પર્વની ઉજવણીનો ઉત્સાહ તો રાજકોટવાસીઓને મન અનેરો જ હોય ને...શહેરીજનોના આ ઉત્સાહને ચાર ચાંદ લગાવવા માટે જિલ્લા વહિવટી તંત્ર, મહાનગરપાલિકા અને રાજ્ય સરકારના વિવિધ વિભાગો પણ આ ઉજવણીની જોરદાર તૈયારીમાં લાગી પડ્યા છે.

આ ઉજવણીની શ્રૃંખલાના ભાગરૂપે ૨૫ જાન્યુઆરીએ સવારે ૧૧ વાગ્યે આત્મીય યુનિવર્સિટીનાં પ્રાંગણમાં યુવા સંમેલનનું આયોજન કરાયું છે. જિલ્લા કલેક્ટર રેમ્યા મોહન, જિલ્લા વિકાસ અધિકારી અનિલ રાણાવસીયા અને મ્યુનિ. કમિશનર ઉદિત અગ્રવાલની આગેવાનીમાં આ સંમેલનને અવિસ્મરણીય બનાવવાની તૈયારીઓ આરંભી દેવામાં આવી છે.

જેમાં ૫૦ ટકા સક્રિય સામેલગીરી માટે મહિલા કોલેજોની બહેનો ઉપસ્થિત રહેશે, આ ઉપરાંત કેરિયર ગાઇડન્સ અંગે યુવાનોને વિવિધ સરકારી અને ખાનગી શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા ઉપયોગી માર્ગદર્શન પુરું પાડવામાં આવશે.

રોજગારલક્ષી વિવિધ વેબસાઈટોનું પ્રમોશન કરવામાં આવશે. મુખ્યમંત્રી એપ્રેન્ટીસશીપ યોજનાના નિમણુંક પત્રનું વિતરણ કરવામાં આવશે, મીડીયમ સ્મોલ એન્ડ માઈક્રો એન્ટરપ્રિન્યોર એટલે કે એમ.એસ.એમ.ઇ. અંતર્ગત વધુને વધુ યુવાનો સામેલ થાય તે વિષે આ સંમેલનમાં ચર્ચા તથા કાર્યવાહી અને જરૂરી ફોર્મ્સ સ્થળ પર જ ભરી શકાય તેવી તમામ સગવડ અપાશે, સમગ્ર વર્ષનું રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારનું ભરતી કેલેન્ડર યુવાનોના લાભાર્થે રજૂ કરવામાં આવશે, ભાઈઓ, બહેનો અને દિવ્યાંગો માટે ઉપલબ્ધ સરકારી નોકરીની તકો અંગે માહિતી આપવામાં આવશે, આઈ.ટી.આઈ.માંથી કોર્સ કરેલા યુવાનોને વર્ક ઓર્ડર આપવામાં આવશે, જિલ્લામાં બનેલા સ્વામી વિવેકાનંદ યુવા મંડળના ૫૫૦થી વધુ પ્રમુખોને નિયુક્તિપત્રો એનાયત કરાશે તેમજ વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે એસસી એસટી અને ઓબીસી કેટેગરીના યુવાનોને ૧૦,૦૦૦ રૂપિયાની સહાય આપવામાં આવશે.

| | | |
|---|---|---|
| | **Shri Manibhai Virani and Smt. Navalben Virani Science College**<br>An Autonomous college affiliated to Saurashtra University, Rajkot | **NAAC - Cycle-3**<br>**Criterion – III**<br>**Metric – 3.6.3** |



દિવ્ય ભાસ્કર **Pride of Saurashtra** 2021

*University to Implement Universal Values in Education ad per NEP 20*

# ATMIYA UNIVERSIT

Established under the Gujarat Private University Act 11, 2018

## વિદ્યાર્થીને માનવીય જીવનમૂલ્યોથી સભર કરવાનો સાર્થક પ્રયાસ : આત્મીય યુનિ

'આત્મીય યુનિવર્સિટી' : ગુણવત્તાયુક્ત શિક્ષણ અને સંસ્કારનો સમન્વય સાધીને પરમ પૂજ્ય હરિપ્રસાદ સ્વામીજી મહારાજની હૃદયભાવના પ્રમાણે આંતરસમૃધ્ધ મનુષ્યનાં સર્જનનો યજ્ઞ.

- પૂ. પ્રેમસ્વરૂપ સ્વામીજી

વિદ્યાર્થી સારો વ્યવસાયી બને પણ તેમાં પરમાર્થની ભાવના વિકસે તો જ તેનું જીવન સાર્થક બને. વિદ્યાર્થીનું જીવન ખરા અર્થમાં આનંદિત બને. તેનો પ્રભાવ સમાજ અને રાષ્ટ્ર સુધી વિસ્તરે. પરિણામે આનંદમય સમાજની સંકલ્પના એક વાસ્તવિકતા બને તે 'આત્મીય'નું ધ્યેય છે.

- પૂ. ત્યાગવલ્લભ સ્વામી

પ્રેરક : પરમ પૂજ્ય હરિપ્રસાદ સ્વામીજી મહારાજ

'આત્મીય'માં ગુણવત્તાયુક્ત શિક્ષણની સાથોસાથ વર્તમાન સમયે દરેક ક્ષેત્રમાં જે અનિવાર્ય તત્વો ગણાય છે તે Intelligent Quotient (IQ)ની ઉપરાંત Emotional Quotient (EQ) અને Spiritual Quotient (SQ)નો સમન્વય થતો હોવાને કારણે વિદ્યાર્થીઓ અભ્યાસની સાથે સાથે moral values-થી સભર થઈને જીવનની નવી દિશા પામે છે.

નુતન શિક્ષણ નીતિ -૨૦૨૦માં મૂલ્યલક્ષી શિક્ષણને મહત્વ આપવામાં આવ્યું છે તે બાબત 'આત્મીય'માં પહેલેથી જ અપનાવવામાં આવી છે.

સૌરાષ્ટ્રના અગ્રણી શિક્ષણસેવીઓ સ્વ.ડોલરરાય માંકડ, સ્વ. હરસુખભાઈ સંઘવી, સ્વ. લાભુભાઈ ત્રિવેદી, સ્વ. જયંતિભાઈ કુંડલિયા વગેરેએ આ ભાવનાથી વાવેલું બીજ આજે 'આત્મીય યુનિવર્સિટી'નાં માધ્યમથી ખીલી ઉઠ્યું છે.

### આત્મીયએ સૌરાષ્ટ્ર - ગુજરાતને નવા અભ્યાસક્રમોનો પરિચય કરાવ્યો છે !

BCA, B.Sc. IT અને B. Com. (લોજીસ્ટિક્સ), M.Sc. ડેટા સાયન્સ વગેરે કોર્સિઝ સમગ્ર રાજ્યમાં સૌપ્રથમ 'આત્મીય'માં શરૂ થયા. બાયોટેક્નોલોજી, બાયોકેમિસ્ટ્રી, ઈન્ડસ્ટ્રીયલ કેમિસ્ટ્રી જેવા વિષયોનો સૌરાષ્ટ્રના વિદ્યાર્થીઓને પરિચય 'આત્મીય'થી થયો

અત્યાધુનિક સાધનોથી સજ્જ લેબોરેટરીઝ અને વર્કશોપ્સ, આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રમાણિત કમ્પ્યુટર લેબ્સ, લાઈબ્રેરી એન્ડ લર્નિંગ સેન્ટર જેવી શૈક્ષણિક સુવિધાઓ ઉપરાંત વિદ્વાન અધ્યાપકો અને વિદ્યાર્થીલક્ષી અભિગમને કારણે પ્લેસમેન્ટમાં અહીંના વિદ્યાર્થીઓ છવાઈ જાય છે!

### આત્મીયની શ્રેષ્ઠતાને સહુએ પ્રમાણી છે !

યુનિવર્સિટી ગ્રાંટ્સ કમિશન, NAAC, NIRF, DBT, DST, LSC, નોલેજ કોન્સોર્ટિયમ જેવાં રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરીય નિયામક સંસ્થાનોએ આ વિદ્યાતીર્થને ઉચ્ચ ગુણાંકો, અનુદાન અને સન્માનથી પ્રમાણિત કરી.

આત્મીય યુનિવર્સિટીમાં અત્યારે ઈજનેરી (ડિપ્લોમા-ડિગ્રી), સાયન્સ, કમ્પ્યુટર, ફાર્મસી, મેનેજમેન્ટ, કોમર્સ, વગેરે વિદ્યાશાખાઓના ડિપ્લોમા, સ્નાતક, અનુસ્નાતક અને ડોક્ટરેટ સુધીના વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ છે.

### 'सुहृदम् सर्व भूतानाम । - આત્મ

'सुहृदम् सर्व भूतानाम । સર્વે પ્રાણીમાત્ર સાથે સુહૃદભાવ ત્યારે જ કેળવી શકાય જ્યારે હઠ, માન અને ઈર્ષ્યાના ભાવોથી મુક્ત થઈએ. એ માટે વિદ્યાર્થી ઉચ્ચ શિક્ષણ મેળવવાની સાથે વિવેક, નમ્રતા, સંવેદનશીલતા,

# આત્મીય યુનિ.માં ઇન્ટરનેશનલ વર્ચ્યુઅલ ફેસ્ટ 'અદ્વિતિય' યોજાયો

## આઠ સ્પર્ધામાં ૭૫૦થી વધુ વિદ્યાર્થીએ ભાગ લીધો



રાજકોટ, તા.૧: વિવિધ સ્તરના વિદ્યાર્થીઓને એક મંચ પૂરો પાડવા અને તેમને વાસ્તવિક દુનિયા માટે તૈયાર કરવાના દૃષ્ટિકોણથી, આત્મીય યુનિવર્સિટી, રાજકોટ અને લિંક્ન યુનિવર્સિટી કોલોજ, મલેશિયાએ આઇઆઇસીના સહયોગથી તાજેતરમાં અદ્વિતીય-૨૦૨૧ ઇન્ટરનેશનલ વર્ચ્યુઅલ ફેસ્ટનું સફળ આયોજન કર્યું હતું.

આ ઇવેન્ટમાં આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય સ્તરે નામી સંસ્થાના ઉચ્ચતર માધ્યમિક, સ્નાતક તથા અનુસ્નાતક કક્ષાના ૭૫૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો જેમને કેશ પ્રાઇઝ, ઇ-સર્ટીફિકેટ તથા સ્પોન્સર્ડ ઇન્ટર્નશીપ એનાયત કરવામાં આવશે. આ ઇવેન્ટમાં બ્રાન્ડ બિલ્ડર, બીઝક્વીઝ, મોક સ્ટોક, કેસ સ્ટડી, સીનેફલીક્સ, ચેન મી નાવ, સકેવેન્જર હન્ટ અને ટેલેન્ટ શો જેવી આઠ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ આયોજનનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને ટાઇમ મેનેજમેન્ટ, પ્રોબ્લેમ સોલ્વીંગ, કમ્યુનિકેશન સ્કીલ્સ, એનાલીટીકલ સ્કીલ્સ, બ્રાન્ડીંગ તથા માર્કેટીંગ સ્કીલ્સ જેવી જીવન જરૂરી સ્કીલ્સ શીખવવાનો રહ્યો હતો.

આ ઇવેન્ટના ઉદ્‌ઘાટન સમારોહમાં આત્મીય યુનિવર્સિટીનાં અધ્યક્ષ ત્યાગવલ્લભ સ્વામીજીએ માનવીય જીવન મૂલ્યો સાથેનાં શિક્ષણ ઉપર ભાર મુક્તાં વિદ્યાર્થીઓને જીવનમાં સફળતા મેળવવાના સૂચનો સાથે એક સફળ માનવ બનવાની પ્રેરણા આપી હતી. આ સમારોહમાં લિંક્ન યુનિવર્સિટી કોલેજના ડો. અભિજીત ઘોષ, ડો. સંદીપ પોદાર અને આઇ.એમ.એસ. રાજકોટનાં રાકેશ નથવાણી, કે.એસ.સી. ઇન્ટરનેશનલના સુરીન્દર ગુપ્તા અને ટી વિલા કેફેના મેહુલ મકવાણા મુખ્ય અતિથિ તરીકે સાક્ષી બન્યા હતા.

# આત્મીય યુનિ.માં બિઝનેસ અને કોમર્સના વિદ્યાર્થીઓ માટે ઈન્ડકશન પ્રોગ્રામ યોજાયો

## ઉદ્યોગ અને મેનેજમેન્ટ ક્ષેત્રના અગ્રણીઓએ માર્ગદર્શન આપ્યું

રાજકોટ, તા.૨: આત્મીય યુનિવર્સિટીમાં ફેકલ્ટી ઓફ બિઝનેસ એન્ડ કોમર્સ અંતર્ગત ચાલતા વિવિધ અભ્યાસક્રમોમાં પ્રવેશ લેનાર વિદ્યાર્થીઓ માટે નવ દિવસનો પરિચયાત્મક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

વિદ્યાર્થીઓને આવકારતા ડો.ડી.ડી.વ્યાસે કહ્યું હતું કે વ્યવસાયિક જીવનની સાથોસાથ વ્યક્તિગત જીવનમાં કૌશલ્ય વિકાસ અનિવાર્ય છે. વિદ્યાર્થીમાં રોજગારલક્ષી અભિગમ સાથે વ્યક્તિગત અને પારિવારિક જીવનમાં માનવીય જીવનમૂલ્યોનો વિકાસ થાય તે આત્મીય યુનિવર્સિટીની વિશેષતા છે.

આ પ્રસંગે પાઠવેલા સંદેશમાં આત્મીય યુનિવર્સિટીના અધ્યક્ષ



ત્યાગવલ્લભ સ્વામીએ જણાવ્યું હતું કે, બ્રહ્મસ્વરૂપ હરિપ્રસાદ સ્વામીજી મહારાજની પ્રેરણાથી આત્મીયમાં શ્રેષ્ઠ શૈક્ષણિક સુવિધાઓ વિકસાવવામાં આવી છે. વિદ્યાર્થીઓ તેનો વધુમાં વધુ લાભ લઈને કૌશલ્ય વિકાસની તક ઝડપે તે વર્તમાન સમયની જરૂરિયાત છે. વિદ્યાર્થીઓ અભ્યાસમાં સંશોધનાત્મક અભિગમ કેળવે તે જરૂરી છે. આવો અભિગમ જીવનના દરેક તબક્કે સહાયરૂપ બને છે. નવ દિવસના આ વિશિષ્ટ કાર્યક્રમ દરમિયાન બાલાજી વેફર્સના મેનેજિંગ ડાયરેક્ટર ચંદુભાઈ વિરાણીએ ઉદ્યોગ સાહસિક બનવાની વિચારધારા કેળવવાનું માર્ગદર્શન આપ્યું હતું. ફાલ્કન પંપના ડાયરેક્ટર કમલનયન સોજીત્રાએ નવું શીખવાની ધગસ રાખવા શીખ આપી હતી. સોફ્ટવિઝડમ ઈન્ફોવેના મેનેજિંગ ડાયરેક્ટર હિરેન ઘેલાણીએ રોજગારક્ષમતા વિકસાવે તેવું કૌશલ્ય પ્રાપ્ત કરવું અને ઉદ્યોગોની માંગ પ્રમાણે તૈયાર રહેવું એ વર્તમાન સમયની અનિવાર્યતા છે.



FRIDAY, 08•10•2021

# નવરાત્રી રાસ-ગરબા સ્પર્ધા યોજાઈ

રાજકોટ: રાજકોટના હેમુગઢવી હોલમાં રમતગમત, યુવા અને સાંસ્કૃતિક વિભાગ દ્વારા રાજકોટ શહેર નવરાત્રી રાસ-ગરબા સ્પર્ધા યોજવામાં આવી હતી તેમાં શહેરની સ્કૂલ-કોલેજ સહિત ૧૬ ટીમોએ ભાગ લીધો હતો અર્વાચિન સ્પર્ધામાં અર્જુનલાલ હિરાણી કોલેજ પ્રથમ, વી.જે.મોદી દ્વિતિય, કે.જી.ધોળકીયા તૃતિય, રાસમાં નટરાજ કલા મંદિર પ્રથમ, અર્જુનલાલ હિરાણી કોલેજ દ્વિતિય, કે.જી.ધોળકીયા તૃતિય, પ્રચિનમાં આત્મિય કોલેજ પ્રથમ, અર્જુનલાલ હિરાણી કોલેજ દ્વિતિય, કે.જી.ધોળકીયા તૃતિય સ્થાને આવતા પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા હતા.

(ફોટો: જયેશ ટંકારીયા)

પોઝિટીવ ન્યુઝ, ઈન્ફોર્મેટિવ ન્યુઝ
અબતક
સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી યુથ ફેસ્ટિવલમાં એમ એન્ડ એન વિરાણી સાયન્સ કોલેજના વિદ્યાર્થીઓની સિધ્ધિ




અબતક,રાજકોટ

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી યુથ ફેસ્ટિવલ -૨૦૨૨ માં એમ એન્ડ એન વિરાણી સાયન્સ કોલેજના વિદ્યાર્થીઓએ કુલ ૨૫ સ્પર્ધાઓમાં ભાગ લીધેલ અને તેમાંથી ૧૦ સ્પર્ધાઓમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન સાથે વિજેતા જાહેર થયેલ .

વિદ્યાર્થીઓએ વિવિધ સ્પર્ધા જેવી કે કલા વિભાગ અંતર્ગત પોસ્ટર મેકિંગમાં પ્રથમ ક્રમાંક મેળવેલ અને સાહિત્ય વિભાગ અંતર્ગત પાદપૂર્તિમાં તૃતીય ક્રમાંક મેળવેલ , સાંસ્કૃતિક વિભાગમાં પ્રાચીન રાસ સમૂહ નૃત્ય તેમજ વેસ્ટન વોકલમાં વિદ્યાર્થીઓ પ્રથમ ક્રમાંક જ્યારે શાસ્ત્રીય સંગીત અને વેસ્ટન ગ્રુપ સોંગમાં અનુક્રમે દ્વિતીય અને તૃતીય ક્રાંક જળક્યા હતા . આ ઉપરાંત વિદ્યાર્થીઓ મુખ અભિનય અને મીમીક્રીમાં પ્રથમ અને લઘુ નાટકમાં દ્વિતીય ક્રમાંકે ઉત્તીર્ણ થયેલા . વિશેષ પ્રાચીન રાસ અને લોકનૃત્યના વિદ્યાર્થીઓ રાજ્યકક્ષાએ સ્પર્ધા માટે પસંદગી પામ્યા છે.

આમ કુલ છ સ્પર્ધામાં પ્રથમ ક્રમાંક , બે સ્પર્ધામાં દ્વિતીય ક્રમાંક અને બે સ્પર્ધામાં તૃતીય ક્રમાંક સાથે વિદ્યાર્થીઓ યુથ ફેસ્ટિવલમાં છવાઈ ગયેલ. એમ એન્ડ એન વિરાણી સાયન્સ કોલેજના વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે સતત પ્રયત્નશીલ અને કટિબદ્ધ છે . આ સ્પર્ધાઓમાં ડો . વર્ષા કાનાબાર , ડો . શિવાંગી ઓઝા તથા ડો . હિતાર્થ ભટ્ટ એ જહેમત ઉઠાવી જરૂરી માર્ગદર્શન પૂરું પાડેલ . સંસ્થાના આચાર્ય ડો . કે . ડી . લાડવા અને સર્વોદય કેળવણી સમાજના સમગ્ર સંચાલક મંડળ વતી પ.પૂ. ત્યાગવલ્લભ સ્વામીજી વિદ્યાર્થીઓની સિદ્ધિ બદલ તેમને શુભેચ્છા પાઠવે છે .

Edition
3 Oct, 2022 Page No. 7
Powered by : erelego.com

અબતક

## આંતરરાષ્ટ્રીય કક્ષાએ યુથ એક્સચેન્જ પ્રોગ્રામમાં

# એમ.એન્ડ એન. વિરાણી સાયન્સ કોલેજના શ્રેયાબા ઝાલાની ભારતીય પ્રતિનિધી તરીકે પસંદગી

**અબતક, રાજકોટ**

એમ.એન્ડ એન. વિરાણી સાયન્સ કોલેજ (ઓટોનોમસ)માં બી.એસ.સી.માં અભ્યાસ કરતા એન.સી.સી. કેડેટ કુ.શ્રેયાબા ઝાલા આંતરરાષ્ટ્રીય યુથ એક્સચેન્જ પ્રોગ્રામમાં પસંદગી પામેલ હોય તેઓ હાલ વિયેતનામ ખાતે ભારતનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છે.

સમગ્ર ભારતમાંથી માત્ર ૧૩ વિદ્યાર્થી કેડેટ્સનું જ્ઞાન અને કૌશલ્યને આધારે સિલેક્શન કરવામાં આવેલ જે પૈકી કુ.શ્રેયાબા ઝાલા સમગ્ર ગુજરાત રાજ્યનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છે.

આ આંતરરાષ્ટ્રીય સિધ્ધિ હાંસલ કરી કુ.શ્રેયાબા ઝાલાએ તેમના પરિવાર, કોલેજ, એનસીસી બટાલિયન તેમજ ગુજરાત રાજ્યને ગૌરવાન્વિત કરેલ છે.

Pride of Shri M & N Virani Science College

International Youth Exchange Program



CONGRATULATIONS!

SUO Shreyaba Jhala for being selected as a member of foreign delegation team representing INDIA at VIETNAM under NCC Youth Exchange Program- 2022-23

Edition
3 Oct, 2022 Page No. 6
Powered by : erelego.com